વિશ્વ આખું કોરોના સંક્રમણથી અનિર્ણાય સ્થિતિમાં ઉભુ છે

કોરોના આપણી જીવન પદ્ધતિને બદલશે

સમયસર

મહામારીનુ મહા સંકટ ક્યારે અટકશે, ક્યાં અટકશે અને કેવી રીતે અટકશે કોઈનેય ખબર નથી. સમગ્ર વિશ્વ અનિર્ણાયક સ્થિતિમાં ઉભુ છે. સરકારો અસંમજસમાં છે અને પ્રજા ભારે મુંઝવણ અનુભવે છે. દુનિયાના ઈતિહાસમાં ક્યારેય ન અનુભવાઈ હોય એવી સ્થિતિનો સામનો માનવજાત કરી રહી છે. ઉપાય શોધાઈ રહ્યો છે પણ ક્યારે શોધાશે અને ક્યારે અમલી બનશે એ મોટો પ્રશ્નાર્થ છે. વ્યક્તિગત જીવનથી લઈને વૈશ્વિક જીવન સુધી પરિસ્થિતિથી કેવી રીતે સલામત રહેવુ અને સલામત રાખવા તે મુંઝવણ છે. પોત પોતાની રીતે સૌ કોઈ પ્રયત્ન કરે છે. કોણ કેટલુ કારગત નિવડ્યુ છે, નિવડશે એ તો સમય કહેશે. પરંતુ સત્ય એ છે કે પ્રત્યેક માનવીએ પોતે જ પોતાની જાતને મહામારીથી બચાવી શકે છે અને એ જ શક્ય છે. કોરોના વાયરસના સંક્રમણથી બચવા આપણી જાતને સજાગ કરવી પડશે અને સજ્જ પણ. જ્યાં સુધી રસી ન શોધાય ત્યાં સુધી કોવીડ-૧૯ની આચારસંહિતા માનવીય જીવનનો એક ભાગ બનાવવો પડશે.

હા, એ વાત સત્ય છે લોકડાઉન કે કોરોના વોરીયર્સ આપણને સજાગ કરે છે. ક્યાં સુધી લોકડાઉન ? આ સરકારની મુંઝવણ છે અને પ્રજાની પણ..! ક્યાં સુધી પોલીસ આપણને રોકશે ? ક્યાં સુધી કાયદાના બંધનોથી આપણે ગભરાઈશુ ? ક્યાં સુધી અને કેટલી માત્રામાં આરોગ્યકર્મીઓ સેવા આપશે. આ તમામ પ્રશ્નો પાછળના જવાબો માત્ર ચિંતાપ્રેરક નથી પરંતુ આત્મ નિર્ભરતા પ્રતિ ગતિના છે. ડરવાની કોઈ જરૂર નથી. કાલ્પનિક ભય માનવજાતને ડરપોક બનાવે છે. લઘુતાગ્રંથિમાં ધકેલે છે પરંતુ મનથી અને મક્કમતાથી સંકલ્પ કરવાનો છે કે કોરોના સાથે જ જીવવાનુ છે, કોરોના વચ્ચે જ જીવવાનુ છે અને કોરોનાની સામે લડવાનુ છે. સતર્કતા એટલી જ રાખવાની છે કે આપણી રોગ પ્રતિકારક શક્તિ ઘટી ન જાય એની સતત કાળજી રાખવાની છે. આજની સ્થિતિમાં કોરોના સામેની લડતમાં જીતવાનુ એકમાત્ર હાથવગુ હથિયાર રોગપ્રતિકારક શક્તિ જ છે. સકારાત્મક વિચારો, ભારતીય આર્યુવેદિક પરંપરામાં દર્શાવેલ ઘરગથ્થુ ઉપાયો, યોગ-પ્રાણાયામ અને સર્જનાત્મક પ્રવૃતિ આપણને કોરોનાથી દૂર રાખી શકે છે. રોગ પ્રતિકારક શક્તિ જેટલી વધારે હશે એટલા કોરોના વાયરસથી સંક્રમિત થવાની શક્યતા નહીવત રહેશે.

આ ઉપરાંત દો ગજની દૂરી (સોશીયલ ડીસ્ટન્સીંગ) માસ્ક અને સેનેટાઈઝેશનને આપણી જીવનશૈલીનો ભાગ બનાવવો જ પડશે. કોરોનાના ભયમાંથી નીકળવા માટે એની ચર્ચાઓ અને સમાચારોથી જેટલા અળગા રહેવાનો પ્રયત્ન કરાય એટલા અળગા રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. માહિતી જરૂર જાણવી જોઈએ પરંતુ માહિતીને ઓઢી લેવાની જરૂર નથી. માહિતીથી એટલા બધા પ્રભાવિત રહેવાની પણ જરૂર નથી જેથી તે આપણી રોજીંદી પ્રક્રિયા પર હાવી થઈ જાય. સમાચાર જાણવા, સાંભળવા અને જોવાનો સમય પણ નિશ્ચિત રાખવો જેનાથી દૈનિક પ્રક્રિયામાં આ સમાચારો અવરોધક ન બને અને આ સમાચાર આપણા વિચારોનો ભાગ ન બને. આપણે સૌ કોઈ કર્મયોગના વિદ્યાર્થીઓ છીએ ત્યારે કર્મયોગની સાધના સાથે સમયોચિત જાગૃતિ અને સતર્કતાને પણ જીવનના આભૂષણ બનાવાવ જોઈએ. કોરોના વાયરસ આપણને જીવનના ઘણા બધા પાઠ શીખવી રહ્યુ છે અને શીખવશે. આપણી જીવન પરંપરા બદલાશે, આપણા દૃષ્ટિકોણ બદલાશે, ભાવ અને ભાષા બદલાશે, આમ છતાં આપણે વિવેકપૂર્ણ સમજણ દ્વારા પરિવર્તનોને પોંખીશુ તો આપત્તિને અવસરમાં પરિવર્તિત કરી શકીશુ.

ગાંધીનગરમાં કોરોનાના વધુ બે કેસ

શહેરમાં સેક્ટર-૩ની મહિલા કોરોનાગ્રસ્ત અને ભાટનો યુવાન કોરોના પોઝિટિવ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે દિવસ દરમિયાન વધુ બે કેસ નોંધાતા હવે ગાંધીનગર જિલ્લમાં કુલ ૨૫ કેસ કોરોનાના પોઝિટિવ નોંધાયા છે. જેમાં અત્યાર સુધીમાં બેના મૃત્યુ થયા છે. જ્યારે ૧૩ રિકવર થયા છે. હાલ ૧૦ દર્દીઓ ગાંધીનગર અને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જેમાં ૫ દર્દીઓ અમદાવાદની સીવીલમાં જ્યારે ૫ દર્દીઓ ગાંધીનગર સીવીલમાં સારવાર હેઠળ છે.

ગાંધીનગર શહેરના સે. ૩ માં કોરોનાનો કેસ મળ્યો : તંત્ર દોડ્યુ : બાવન વર્ષીય મહિલાને કોરોના પોઝીટીવ : લોકલ ટ્રાન્સમિશનથી ચેપ લાગ્યાનું પ્રાથમિક અનુમાન

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાંથી વધુ એક કોરોના પોઝીટીવનો કેસ મળી આવતાં મનપાનું તંત્ર આજે સતત દોડતુ રહ્યુ હતુ.

મળતી વિગતો પ્રમાણે સેક્ટર-૩-સી માંથી કોરોનાનો પોઝીટીવ કેસ મળ્યો છે. બાવન વર્ષીય મહિલાને કોરોના પોઝીટીવ આજે આવ્યો છે. તંત્રએ મહિલા સાથે સંપર્કમાં રહેલા છ વ્યક્તીઓને ક્વોરોન્ટાઈનમાં મુક્યા છે.

આ મહિલા છેલ્લા ૧૫ દિવસથી અમદાવાદ હતી અને ગઈકાલે રાત્રે જ ગાંધીનગર પરત ફરી હતી. તેણે રાતથી જ તાવ સહિતની ફરિયાદો કરતાં સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લવાઈ હતી જ્યાં તેણીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને લોકલ ટ્રાન્સમિશનથી કોરોના લાગ્યો હોવાનું હાલ અનુમાન કરવામાં આવી રહ્યું છે.

મનપાના તંત્ર દ્વારા સે. ૩-બીમાં આ દર્દીના મકાનને સેનીટાઈઝેશન કરવા સહિતની કામગીરી હાથ ધરી દીધી છે. ગાંધીનગરના નવા સેક્ટરમાં કેસ નીકળવાની વાત વાયુવેગે શહેરમાં પ્રસરી ગઈ હતી.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આ સાથે કોરોના પોઝીટીવના દર્દીઓની સંખ્યા ૨૪ની થઈ છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હાલ આ દર્દી સાથે કુલ પાંચ દર્દી સારવાર હેઠળ છે.

ભાટમાંથી વધુ એક કેસ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાની સરહદ પર આવેલ ભાટ ગામ ખાતે કોરોનાનો વધુ એક પોઝીટીવ કેસ સામે આવતાં તંત્રમાં દોડધામ મચી જવા પામી છે. મળતી વિગતો સાથે એક યુવાનને કોરોના પોઝીટીવ જણાયો છે અને તે અમદાવાદ એસવીપીમાં સારવાર હેઠળ છે. આજે શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં એક એક કેસ નોંધાવા સાથે જિલ્લામાં કોરોનાના દર્દીની સંખ્યા ૨૫ થઈ છે. ભાટ ગામે અગાઉ એક મહિલાને કોરોના પોઝીટીવ જણાતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. ગાંધીનગર જિલ્લામાં ભાટ એ અમદાવાદને અડીને આવેલુ ગામ છે. આજે આ બીજો કેસ અહી નોંધાતાં તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં છુટા છવાયા કેસ મળી રહ્યા છે. આ દર્દીને કેવી રીતે ચેપ લાગ્યો તે વિશેની વિગતો મેળવવાના તંત્રએ પ્રયાસો હાથ ધર્યા છે.

ગાંધીનગર એક એવું શહેર છે જે અન્ય શહેરોની જેમ પ્રાચીન કાળમાં વસેલું નથી પરંતુ અર્વાચીન કાળમાં તેને પદ્ધતિસર રીતે વસાવવામાં આવ્યું છે. આમ છતાં આ શહેરમાં પ્રાકૃતિક સુંદરતા ખોબલેને ખોબલે ભરેલી છે. દરેક ઋતુમાં આ શહેરની વનરાજીને સૌંદર્ય અલગ અલગ સ્વરૂપે ખીલી ઉઠે છે. દર વર્ષે ઉનાળાની ઋતુમાં ગાંધીનગરના સૌંદર્યને ગરમાળાના પુષ્પોનો નયનરમ્ય શણગાર પ્રાપ્ત થાય છે. આ વર્ષે પણ ગાંધીનગરમાં વધતી જતી ગરમી સાથે ગરમાળો પૂરબહારમાં ખીલી ઉઠ્યો છે. શહેરના સેક્ટર-૧૧માં પથિકાશ્રમ એસટી ડેપોની પાછળના માર્ગે ખીલી ઉઠેલ ગરનાળાને નિહાળી આંખને અનેરી શીતળતા પ્રાપ્ત થાય છે.

શહેરમાં ગરમીનો પારો ઉંચે ચઢ્યો મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીએ

લોકડાઉન અને ગરમીની અસર વચ્ચે નગરમાં સન્નાટો આકરી ગરમીમાં બફારાનુ પ્રમાણ વધતા નગરજનોમાં બેચેની

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં આજે લોકડાઉન વચ્ચે ગરમીનો પારો પણ ઉંચો આવતા નગરજનોએ આક્રમક ગરમીનો અહેસાસ કર્યો હતો. બપોરના સમયે શહેરમાં ગરમી અને લોકડાઉનના લીધે સન્નાટો છવાઈ ગયો હતો. આક્રમક ગરમીના લીધે બપોરના સમયે માર્ગો પર સુનકાર જોવા મળ્યો હતો. જયારે દિવસ દરમિયાન ગરમીના અંતે સાંજના સમયે પણ નગરજનોએ બફારાનો અનુભવ કર્યો હતો. ગઈકાલની સાપેક્ષમાં મહત્તમ તાપમાન એક ડીગ્રી વધીને ગરમી ૪૦ ડીગ્રીએ રહી હતી.

શહેરમાં છેલ્લા ૧૫ દિવસથી ગરમીનો પારો ઉંચે છે. ગત દિવસોમાં મહત્તમ તાપમાન ૪૩ ડીગ્રી સુધી પહોંચી ગયુ હતુ. જયારે બે દિવસના વાતાવરણ પલ્ટા દરમિયાન ગરમીનો પારો નીચે ઉતરીને ૩૯ ડીગ્રી પહોંચી ગયો હતો. પરંતુ ત્યારબાદ સતત ગરમીનુ જોર વધુ રહેતા નાગરિકો દિવસ દરમિયાન ચામડીના દાહ આપતી આકરી ગરમી અનુભવી રહ્યા છે. આજે પણ રવિવારની રજા ઉપરાંત લોકડાઉનની અસર વચ્ચે નગરમાં બપોરના સમયે સન્નાટો છવાયેલો જોવા મળ્યો હતો. મુખ્યમાર્ગો પર બપોરના સમયે વાહનોની અવરજવર પણ જોવા મળી ન હતી. દિવસની સાથે રાત્રિના સમયે પણ નગરજનોએ બફારો અનુભવ્યો હતો. આક્રમક ગરમીએ સૌ કોઈને બેચેન કરી દીધા છે. લોકડાઉન છે. પરંતુ આમ પણ ઘરની બહાર નિકળવુ મુશ્કેલ બન્યુ છે. લોકડાઉનમાં જરૂરી ચીજવસ્તુઓ ખરીદવા માટે ઘરની બહાર નિકળતા નગરજનો પણ મોં પર રૂમાલ તેમજ માથે ટોપી પહેરીને જ નિકળે છે.

● અનુસંધાન પાન-૭ પર

કોરોનાના કેસ ના હોય તેવા ગામોમાં વિકાસ કામો શરૂ કરો : વિકાસ કમિશનર

ગાંધીનગર, તા. ૨૬

રાજ્યના વિકાસ કમિશનરશ્રીએ ૧૪મા નાણાં પંચના વિકાસ કામો શરૂ કરવા માટેની સૂચનાઓ જારી કરી છે. આ કામો જે ગામોમાં કોરોનાના કેસ ન નોંધાયા હોય તેવા ગામોમાં જ શરૂ કરવા માટે પણ સૂચના આપી છે.

આ અંગે વિકાસ કમિશનરશ્રીએ માર્ગદર્શન આપતાં તંત્રના અધિકારીઓને ભારત સરકારે જે છુટછાટો આપી છે તે બાબતને ધ્યાને લઈ આગળ વધવા જણાવ્યુ છે. આ કામોમાં પણ જળ સંરક્ષણ કે સિંચાઈના કામોને અગ્રતાના ધોરણે હાથ ધરવા પણ કહેવામાં આવ્યુ છે.

વિકાસ કમિશનરશ્રીની કચેરીએ માર્ગદર્શન આપાતં એમ પણ જણાવ્યુ છે કે પ્રથમ તો લોકડાઉન-૧નો અમલ શરૂ થતાં અધુરા રહેલા કામો હાથ ધરવા કારણ કે કામો અંગેની તમામ મંજૂરીની પ્રક્રિયા પુરી થઈ ગયેલ હોવાથી પહેલાં તે પૂરા કરવાના રહેશે.

વિકાસ કમિશનરે સ્પષ્ટ તાકીદ કરી છે કે આ કામો દરમ્યાન સ્થળ ઉપર હાજર મજૂરો, સુપરવાઈઝર તેમજ કામ સાથે સંકળાયેલ તમામ વ્યક્તીઓએ સોશિયલ ડીસ્ટન્સીંગ જાળવવુ, માસ્ક પહેરવા, સેનેટાઈઝરનો ઉપયોગ કરવા સહિતની અનિવાર્ય કાળજી રાખવાની રહે. કામમાં વાપરવામાં આવતા વાહનો અને યાંત્રીક મશીનરીને પણ સેનીટાઈઝ કરવાની રહેશે.

શહેરના સેકટરોમાં કેટલીક દુકાનો ખુલી પરંતુ નાગરિકો સ્વયંશિસ્તમાં

સેકટરોમાં એક મહીના બાદ જરૂરી દુકાનો ખુલી પરંતુ નાગરિકોએ લોકડાઉનનુ પાલન કરી સંયમ સાથે સ્વયંશિસ્ત જાળવી

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં આજે દુકાનો ખુલ્લી રાખવાની મંજુરી આપવામાં આવ્યા બાદ આજે સેકટરોમાં કેટલીક દુકાનો ખુલ્લી રહી હતી. પરંતુ દુકાનો પર દિવસ દરમિયાન નાગરિકોની કોઈ ભીડભાડ જોવા મળી ન હતી. નાગરિકો લોકડાઉનના પીરીયડમાં સ્વયંશિસ્તમાં જોવા મળ્યા હતા. દુકાનો ખુલ્લી હોવાછતા નગરજનોએ બિનજરૂરી ઘરની બહાર જવાનુ ટાળ્યુ હતુ. સેકટરોમાં અમુક જ ઠેકાણે દુકાનો પણ ખુલ્લી રહી હતી. જયારે વેપારીઓએ પણ સરકારની ગાઈડલાઈન મુજબ દુકાનો ખુલ્લી રાખવાના મામલે શિસ્ત જાળવી હતી.

ગાંધીનગરમાં આજે નાની મોટી દુકાનો ખુલ્લી રાખવા માટે છુટછાટ આપવામાં આવ્યા બાદ પણ નગરજનોએ સ્વયંશિસ્તના દર્શન કરાવ્યા હતા. શહેરમાં છેલ્લા ૩૨ દિવસના લોકડાઉનના અંતે શોપિંગ બજારોમાં દુકાનો ખુલ્લી રાખવાની મંજુરી આપવામાં આવી છે. જેના અંતે આજે નગરના શોપિંગ બજારોમાં એકાદ વિસ્તારને બાદ કરતા લોકડાઉનની સજ્જડ અસર જોવા મળી હતી. નગરમાં શોપિંગ બજારોમાં કોઈ પણ જગ્યાએ ભીડભાડ જોવા મળી ન હતી. જયારે કેટલાક વેપારીઓએ સ્વયંભુ દુકાનો બંધ રાખી હતી. બીજીતરફ જે કોર્મશિયલ કોમ્પલેક્ષોમાં સ્થિત હોય તેવી દુકાનો પોલીસે બંધ કરાવી હતી. જો કે શહેરના શોપિંગ સેન્ટરોમાં જરૂરીયાતની ચીજવસ્તુઓની જ દુકાનો ખુલ્લી જોવા મળી હતી. અલબત્ત કેટલાક સેકટરોમાં જ અમુક આંગળીના વેઢે ગણી શકાય તેટલી દુકાનો જ ખુલ્લી હતી. વેપારીઓએ પણ સ્વયંશિસ્ત જાળવી દુકાનો ખોલવાના મામલે ખોટી ઉતાવળ ન કરવાનો અભિગમ અપનાવ્યો હતો. ગાંધીનગર શહેરમાં આજે સે-૩ સી માં કોરોનાનો કેસ પોઝીટીવ આવ્યો છે. સેકટરોમાં કોરોનાનો રોગચાળો વધુ ન ફેલાય તે માટે નાગરિકોએ વધુ સાવધ થવાની અનિવાર્યતા છે. ત્યારે લોકડાઉન વચ્ચે ઘરમાં જ રહેતા નાગરિકોની શિસ્ત પણ કોરોનાને ડામવા માટે રામબાણ પુરવાર થશે તેમ મનાઈ રહ્યુ છે. સરકારે દુકાનો ખુલ્લી રાખવા માટે છુટ આપ્યા બાદ પણ વેપારીઓએ દુકાનો બિનજરૂરી ન ખોલવા માટે શિસ્ત દાખવી છે. ત્યારે આ દુકાનો પર ગ્રાહકો પણ બિનજરૂરી જવાનુ ટાળ્યુ હતુ. દુકાનો પર અવરજવર કરતા નાગરિકોએ મોઢા પર માસ્ક પહેરલુ જોવા મળ્યા હતુ. જયારે દુકાનોમાં કોઈપણ પ્રકારની ભીડ ન થાય તે માટે સતત કોર્પોરેશનનો સ્ટાફ પણ રાઉન્ડ લેતો નજરે પડયો હતો. શહેરમાં છેલ્લા ૩૨ દિવસથી લોકડાઉન ચાલી રહ્યુ છે. ત્યારે આજે દુકાનો ખુલ્લી રાખવાના મામલે છુટછાટ અપાયા બાદ પણ નાગરિકોમાં સ્વયં શિસ્ત જોવા મળી હતી. નાગરિકો પણ કામ સિવાયની વસ્તુઓ ખરીદવા માટે બિનજરૂરી બહાર નિકળ્યા ન હતા. બીજીતરફ ગરમીએ પણ મહત્વનો રોલ અદા કર્યો હતો. અલબત્ત ગરમીનો પારો પણ ઉંચકાતા બપોરના સમયે શહેરમાં સાવ સુનકાર જોવા મળ્યા હતો.

અમીતભાઈ શાહ દ્વારા ૩૨૫૦ કિટનું વિતરણ

ગાંધીનગરના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ દ્વારા ગાંધીનગર ઉત્તર વિધાનસભા વિસ્તારના ૧૨ ગામો અને ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં ૧૦ કિલોની એક એવી ૩૨૫૦ કિટનું વિતરણ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના સાસંદ અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમીતભાઈ શાહ દ્વારા ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં સમાવિષ્ટ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તાર, પેથાપુર નગરપાલિકા અને ૧૨ ગામો માટે ૧૦ કિલોની એક એવી ૩૨૫૨ કિટોનું વિતરણ કરવામાં આવનાર છે. તેમજ દરેક કિટ સાથે એક એટલે ૬૫૦૦ માસ્કનું પણ વિતરણ કરવામાં આવનાર છે.

સાંસદ શ્રી અમીતભાઈ શાહની આ કિટના વિતરણમાં સહભાગી બનેલા ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી રીટાબેન કેતનકુમાર પટેલે જણાવ્યું હતું કે, ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના ૮ વોર્ડ, પેથાપુર નગરપાલિકા અને તેમના સંસદીય મત વિસ્તારમાં આવતા ૧૨ ગામોમાં ગરીબ, નિસહાય અને જરૂરિયાત મંદોની યાદી બનાવીને આજથી ૩૨૫૦ કિટનું વિતરણ કરવાનો આરંભ કરવામાં આવ્યો છે. એક કિટમાં ૫ કિલો ઘઉં, ૨ કિલો ચોખા, ૧ કિલો મીઠું, ૧ લિટર તેલ, ૫૦૦ ગ્રામ ગોળ અને ૫૦૦ ગ્રામ દાળ મુકવામાં આવી છે. આ કિટનું વિતરણ ગરીબ, જરૂરિયાતમંદ, નિસહાય લોકોને સુચારું રીતે મળી રહે તે માટે દરેક વોર્ડના અગ્રણીઓને અહીથી સુપ્રત કરવામાં આવનાર છે. આ તમામ કિટ મેળવનાર લોકોને બે માસ્ક કિટ સાથે આપવામાં આવશે. એટલે કે કુલ ૬૫૦૦ જેટલા માસ્કનું વિતરણ પણ કરાશે.

આ કિટ વિતરણમાં મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર શ્રી નાઝાભાઈ ઘાંઘર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા, કોર્પોરેટર શ્રી કાર્તિકભાઈ પટેલ, ગાંધીનગર શહેર ભાજપ પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ, મધુર ડેરીના ચેરમેન શ્રી શંકરસિંહ રાણા, અગ્રણી શ્રી કેતનભાઈ પટેલ, શ્રી નિતીનભાઈ પટેલ, શ્રી સુરેશભાઈ મહેતા, શ્રી બિપીનભાઈ રાવલ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિતિ રહ્યાં હતાં.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com